# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધોઃ સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ ક્રમાંકઃ કકપ/૧૦૨૦૦૫
/૧૬૩/ક તા.૬/૮/૨૦૧૫

કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+
પરીક્ષા પાસ કરવા અંગે...

<u>નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.</u>

(૧) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ

(૨) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.

૨/- જાણ તથા સરકારશ્રીના ઉકત ઠરાવને તમામ કર્મચારીઓને વંચાણે લાવી અમલ થવા સારૂ.

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૯૦૩૪૦ /૨૦૧૫

તા.૯/૦૯/૨૦૧૫

કુલસચિવ

<u>નકલ રવાનાઃ</u>

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ/કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.

(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+
પરીક્ષા પાસ કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-કકપ/૧૦૨૦૦૫/૧૬૩/ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૦૮/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૦/૦૯/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:-પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનું તા.૩૦/૦૯/૨૦૦૬નું જાહેરનામા ક્રમાંક:- ગસ / ૨૦૦૬ / ૩૧/ ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૨/૦૭/૨૦૧૩નાં પરિપત્ર ક્રમાંક:- પરચ /૧૦૨૦૦૫ / ૧૫૧૯/પાર્ટ-૧/ક.

::આમુખ ::

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત CCC/CCC+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચત્તર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઈ, ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા માટે પણ આ પરીક્ષા પાસ કરવાની રહે છે. તદનુસાર સામાન્ય વહીવટ વિભાગનાં ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભ(૩) સામેના પરિપત્રની સૂચના ક્રમાંક:(૨)માં "તા.૦૧/૦૭/૨૦૧૩ નારોજથી જેમણે CCC/CCC+ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ અધિકારીઓ/કર્મચારીઓના કેસમાં બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા વિચારણા કરવાની રહેશે અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહીં" તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે, અને તે મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન હોય તેવા અધિકારી/કર્મચારીઓને બઢતી માટેની પસંદગી યાદીમાં સમાવવામાં આવતાં નથી. આ જોગવાઈને કારણે બઢતી કે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા માટે પસંદગી સમિતિની બેઠક બોલાવવામાં આવે ત્યારે કેટલાંક કર્મચારી/અધિકારીઓએ CCC/CCC+ પરીક્ષા પાસ ન કરી હોવાને કારણે તેઓને બઢતી માટે અયોગ્ય ઠરાવવામાં આવે છે. હકીકતમાં તેઓ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો-૧૯૬૭ અંતર્ગત ઠરાવેલ તમામ શરતો પૂર્ણ કરતા હોવા છતાં કોમ્પ્યુટરની CCC/CCC+ પરીક્ષા પાસ ન હોવાને કારણે તેઓ બઢતીની વિચારણા માટે "અયોગ્ય" ઠરે છે. આવા કર્મચારીઓ/અધિકારીઓને પસંદગી સમિતિની બેઠક બોલાવવામાં આવે ત્યારે કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ ન કરી હોય તેમ છતાં બઢતી માટે યોગ્ય ગણવા અંગે નીતિ વિષયક નિર્ણય લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણે ઠરાવે છે.

:: ઠરાવ ::

તદ્અનુસાર આથી ઠરાવવામાં આવે છે કે, જે કર્મચારી/અધિકારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ તેઓ બઢતીની અન્ય તમામ જોગવાઓ.શરતો સંતોષતા હોય તો તેઓને બઢતી માટે યોગ્ય ગણી તેઓનું નામ પસંદગી યાદીમાં સમાવવાનું રહેશે. પરંતુ આવા

Office of the Registrar
A. A. U., ANAND.
14 AUG 2015
INWARD No. 10267

કર્મચારીઓ/અધિકારીઓને તેઓ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરે તે પછી જ બઢતી આપવાની રહેશે. આ અંગે જે તે વિભાગ/કચેરીએ સંબંધિત કર્મચારી/અધિકારીને ખરેખર બઢતી આપવામાં આવે ત્યારે તેઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરી હોવાની ચકાસણી કરવાની રહેશે.

આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડ્યા)

નાયબ સચિવ

સામાન્ય વહીવટ વિભાગ

ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.

માન.મંત્રીશ્રી / રા.ક મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ

માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

એડીશનલ એકાઉન્ટન્ટજનરલશ્રી,ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર.

સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

ડાયરેક્ટ જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા ,અમદાવાદ-૧૫

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર.

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર- જાહેર પ્રસિધ્ધિ અર્થે.

સચિવાલયનાં સર્વે વિભાગો

સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉક્ત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)

રાજ્ય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન

એક્ઝીક્યુટીવ, સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.

નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ :-

<u>સિલેક્ટ ફાઈલ</u>

- પત્ર દ્વારા